# શાળાકક્ષાએ શિક્ષણ વ્યવસ્થાતંત્ર

હમણાં એક વાલી સાથે ચર્ચા થઇ, તેમની વાત પરથી જાણવા મળ્યું કે, તેમને રાજ્યમાં વાલતી શિક્ષણ વ્યવસ્થા વિશે સહેજ પણ જ્ઞાન ન હતું. તેઓ અનુમાનને આધારે શિક્ષણ વિષયક વિચારો રજૂ કરતા હતા અને પોતાના બાળકોની ચિંતા કરતા હતા. આજે દરેક વાલીને પોતાના બાળકને શિક્ષણ આપવાની ચિંતા થાય તે સ્વાભાવિક છે, ત્યારે તેમને રાજ્યમાં અને દેશમાં કાર્યરત શિક્ષણ વ્યવસ્થાનું જ્ઞાન હોવું જોઇએ. જેના અનુસંધાને આજના આ લેખમાં આપણા રાજ્ય અને દેશમાંશિક્ષણ વ્યવસ્થાનું તંત્ર કેવી રીતે ગોઠવાયેલું છે તેની વાત કરી છે.

આપણા બંધારણ મુજબ ૬ થી ૧૪ વર્ષના ( પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની ફરજ સરકારની છે. આ માટે દરેક ગામમાં અને દરેક શહેરમાં સરકાર સંચાલિત પ્રાથમિક શાળાઓ છે. રાજ્ય અને દેશમાં શિક્ષણ મેળવવાનો દરેક બાળકને સમાન હક્ક છે, આ માટે જાતિ, જ્ઞાતિ, ધર્મ કે અન્ય બાબતો બાળકને શિક્ષણ લેવાથી વંચિત રાખી શકે નહીં. હા.. લઘુમતિ લોકોને પોતાના ધર્મ અને ભાષા આધારિત શૈક્ષણિક સંસ્થા ખોલવાનો હક્ક છે. જે માટે સરકાર તેમને મદદ કરે છે.

ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું માળખું ખૂબ જ વિશાળ છે. જેમાં ધોરણ ૧ થી ૫ એ પૂર્વ પ્રાથમિક, ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક, ૯ અને ૧૦ માધ્યમિક, ૧૧ અને ૧૨ ઉચ્ચ માધ્યમિક એ શાળા કક્ષાનું શિક્ષણ કહેવાય છે. ધો.૧ થી ૯ સુધીના અભ્યાસક્રમની પરીક્ષા શાળા કક્ષાએ લેવામાં આવે છે. જ્યારે ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા માટે જે તે રાજ્યમાં શિક્ષણ બોર્ડ હોય છે.

શાળામાં પણ વિવિધતા જોવા મળે છે. માધ્યમ આધારિત એટલે કે અંગ્રેજી માધ્યમ કે માતૃભાષાનું માધ્યમ. ઉપરાંત લઘુમતિ સમૂહના લોકો પોતાની માતૃભાષાના માધ્યમમાં પોતાના બાળકોને શિક્ષણ આપવા પોતે ખોલેલી શાળામાં તે માધ્યમ હોય છે. જેમાં સંચાલનની દ્દષ્ટિએ પણ વિભાગ પાડી શકાય. સરકાર દ્વારા સંચાલિત, સરકારની સહાય લઇને સંચાલન કરતા ટ્રસ્ટો અને સરકારની સહાય વગર પોતાની જાતે જ ખર્ચ ઉંઠાવીને ( સેલ્ફ પાયનન્સ) શૈક્ષણિક કાર્ય કરતી  શાળાઓ. સંપૂણ સરકારી શાળામાં બિલકુલ ફી લેવામાં આવતી નથી, જ્યારે કોલેજ કક્ષાએ પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં ફી લેવામાં આવે છે. જ્યારે સરકારી સહાયથી ચાલતી સંસ્થાઓ મધ્યમ પ્રમાણમાં ફી લે છે. જેમાં સરકારનો સંપૂર્ણ અંકુશ હોય છે. જ્યારે સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓમાં ફીનું ધોરણ ખૂબ જ ઊંચું હોય છે. જેની પર સરકારનો સંપૂર્ણ અંકુશ નથી. સરકારની સહાયથી કે સરકારની સહાય વગર શેક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે સરકારી નિયમો મુજબ મંજૂરી લેવી પડે છે. સરકારની મંજૂરી વગર કોઇપણ વ્યક્તિ કે સંસ્થા શાળા કે કોલેજ ખોલી ન શકે કે ચલાવી ન શકે. આમ કરવા માટે તેમણે સરકારે કરેલ નીતિનું સંપૂર્ણ પાલન કરવું જ પડે. આમ છતાં આવી સંસ્થાઓ પર સરકારનો અંકુશ નામ માત્રનો રહ્યો છે તેમ કહેવામાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. બિન સરકારી શાળાઓની ફી ઊંચી હોવાથી ત્યાં ગરીબ મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ મોંઘુ પડે છે.

રાજ્યકક્ષાના શાળાકીય શિક્ષણનું વ્યવસ્થાપનતંત્ર જે તે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તાબા નીચે ચાલે છે. દરેક રાજ્યમાં શિક્ષણ ખાતું હોય છે, જેના વડાને શિક્ષણમંત્રી કહેવામાં આવે છે. જેમને મદદરૂપ

થવા દરેક રાજ્યમાં શિક્ષણ સચિવ હોય છે. આ શિક્ષણ સચિવને મદદરૂપ થવા પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના શિક્ષણ પર દેખરેખ રાખવા કે સરકારની પોલીસીનો અમલ કરાવવા માટે વિવિધ વિભાગો અને અધિકારીઓ હોય છે. આવા વિભાગોના વડા આઇ.એ.એસ. હોય છે. જેમને મદદરૂપ થવા માટે વિવિધ વિભાગોમાં ડાયરેક્ટર અને ડેપ્યુટી ડાયરેક્ટર કક્ષાના અધિકારીઓ હોય છે. જેમનું કામ રાજ્યના કક્ષાના શિક્ષણ વિષયક કાર્યો કરવાનું હોય છે. આ ઉપરાંત દરેક જિલ્લામાં માધ્યમિક શિક્ષણ પર નિયમન કરવા જિલ્લા શિક્ષણાધિકારી હોય છે, તેવી રીતે પ્રાથમિક શિક્ષણના નિયમન માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હોય છે.

સમગ્ર દેશની વાત કરીએ તો જેમ માધ્યમિક શિક્ષણની જવાબદારી રાજ્ય ઉપાડે છે તેમ કેન્દ્ર સરકાર પણ માધ્યમિક શિક્ષણની કેટલીક જવાબદારી ઉઠાવે છે. આ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ( સી.બી.એસ.ઇ.) છે. જેનું મુખ્ય મથક દિલ્હીમાં છે. જે રાજ્યમાં ચાલતી આવી સંસ્થાને માન્યતા આપે છે તેમજ અભ્યાસક્રમ અને ધો.૧૦-૧૨ની પરીક્ષાનું સંચાલન કરે છે. આવી સંસ્થાઓ સરકારી પણ છે અને બિન સરકારી પણ છે. કેન્દ્ર સરકારમાં ફરજ બજાવતા અધિકરીઓની બદલીઓ થાય ત્યારે તેમને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ફરજ બજાવવા માટે જવું પડે છે, આ સમયે તેમના બાળકોના શિક્ષણમાં કોઇ ખલેલ ન પહોંચે તે માટે દરેક રાજ્યમાં કેન્દ્રીય વિદ્યાલયો પણ હોય છે.

સમગ્ર દેશમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે માટે નેશનલ કાઉંન્સિલ આોફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એન.સી.ઇ.આર.ટી.) નામની સંસ્થા છે. એવી જ રીતે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે એસ.સી.ઇ.આર.ટી. અને માધ્યમિક શિક્ષણ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ હોય છે. પૂર્વ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટે પી.ટી.સી અને ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક માટે બી.એડ્.ની લાયકાત જરૂરી છે. તો ઉચ્ચ માધ્યમિક માટે માસ્ટર ડીગ્રી સાથે બી.એડ્. હોવું જરૂરી છે. દેશમાં શિક્ષણના વહીવટ અને આયોજન માટે નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનિસ્ટેશન નામની સંસ્થા છે. દરેક રાજ્યમાં પાઠયપુસ્તકો તૈયાર કરીને વિદ્યાર્થી સુધી પહોંચાડવા માટે પાઠયપુસ્તક મંડળ હોય છે. આપણા દેશની વસ્તી અને આર્થિક બાબતોને ધ્યાને લેતાં શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા માત્ર સરકાર નીભાવી શકે તેમ નથી. માટે જ સરકારની સહાયથી ચાલતી અને સરકારની સહાય વગર ચાલતી સંસ્થાઓને શિક્ષણમાં આવકારવામાં આવી છે.